**રખડતા ઢોરોના આતંક : તમાશો જોતું તંત્ર**

# ડીસામાં આખલાની અડફેટે ઘવાયેલા યુવાન વેપારીનો જીવન દીપ બુઝાયો

ડીસા, તા. ૯

ડીસા શહેર અને હાઈવે વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ અસહ્ય રીતે વધી રહ્યો છે. રખડતા ઢોરોની દોડાદોડના કારણે અનેક અકસ્માતો સર્જાય છે અને નિર્દોશ વાહન ચાલકો ભોગ બની રહ્યા છે. છેલ્લા બે માસમાં રખડતા ઢોરના કારણે બે વાહન ચાલકોના મોત નિપજ્યા છે. જેમાં બુધવારે ડીસાના આશાસ્પદ વેપારી યુવકનું મોત થતાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.



ડીસા હાઈવે રોડ અને શહેરમાં રખડતી ગાયો અને આખલાઓનો ત્રાસ ખૂબ જ વધી જવા પામ્યો છે. શહેરમાં રખડતા ઢોરોના કારણે ટ્રાફિક અને તેમની દોડાદોડીથી અરાજકતા સર્જાય છે. જ્યારે અનેક લોકો ઘાયલ થાય છે. વૃધ્ધો, બાળકોને રસ્તા પરથી પસાર થવું પણ મુશ્કેલ બની જાય છે. જ્યારે હાઈવે પર પણ આખલા અને ગાયોના ઝુંડ અડીંગો જમાવી બેસી જતાં અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. જેમાં પણ રાજમંદિર સિનેમાથી શિવશક્તિ માર્કેટ સુધી હાઈવેના ડિવાઈડર ઉપર જાળી ન હોવાથી રખડતા ઢોર અચાનક રસ્તો ક્રોસ કરતાં અકસ્માત સર્જાય છે. જેમાં ખાસ કરીને ટુવ્હીલર ચાલકો ભોગ બને છે. થોડા સમય પહેલા ભીલડીના યુવા પત્રકારનું રખડતા ઢોરના કારણે મોત થયા બાદ આખલાની અડફેટે ડીસાના યુવા વેપારીનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

ડીસાના માર્કેટયાર્ડમાં કાન્હા ટ્રેડર્સ નામની અનાજની પેઢી ધરાવતા નિરવકુમાર મુકેશભાઈ શાહ (રહે. એકતાપાર્ક, પુષ્પમ ફલેટ પાછળ, ડાયમંડ સોસાયટી, ડીસા), રવિવારે સાંજે માર્કેટયાર્ડ તરફ જતા હતા. ત્યારે રાજમંદિર સિનેમા નજીક અચાનક એક આખલો ડિવાઈડર કુદી તેમની એક્ટીવા ઉપર પડતાં નિરવભાઈ નીચે પટકાતાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને સારવાર અર્થે અમદાવાદ ખસેડાતા બુધવારે સવારે તેમનું મોત નિપજ્યું હતું. જેમની સ્મશાન યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. રખડતા ઢોરોના ત્રાસના કારણે નિર્દોષ લોકોની જીંદગી જોખમાઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા કાર્યવાહી થાય તેમજ ઢોર માલિકો પણ માનવીય અભિગમ દાખવે તે જરૂરી છે.

**માર્કેટયાર્ડ દ્વારા શ્રધ્ધાંજલી અપાઈ**

રખડતા ઢોરના કારણે ડીસા માર્કેટયાર્ડના યુવાન વેપારી નિરવ શાહનું સારવાર દરમિયાન બુધવારે સવારે અવસાન થયું હોવાના સમાચાર મળતાં માર્કેટયાર્ડના વેપારીઓ અને બજાર સમિતિ દ્વારા શ્રધ્ધાંજલી આપવા માટે માર્કેટયાર્ડનું કામકાજ બંધ રખાયું હતું.

# અરવલ્લીમાં ટ્રાફિક જાહેરનામાનો છડેચોક ભંગ કરતા બેફામ વાહનચાલકો

## એસ.ટી. સ્ટેશન પાસે ખુલ્લેઆમ ખાનગી વાહનો ભરાય છે : નો પાર્કિંગ ઝોન કલેક્ટર કચેરી રોડ પર વાહનોનો ખડકલો

મોડાસા, તા. ૯

મોડાસા શહેરમાં વકરતી જતી ટ્રાફિક સમસ્યા હલ કરવા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બબ્બે જાહેરનામાં -સિદ્ધ કરાયાં છે. પરંતુ જેને અમલ કરાવવાનો છે તે પોલીસ અને નગરપાલિકાને કોઈ જ રસ દેખાતો નથી. પરિણામે નગરમાં ટ્રાફિક સમસ્યા ઠેરની ઠેર બની રહી છે અને લોકો પારાવાર પરેશાનીનો ભોગ બની રહ્યા છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેર જુનવાણી બાંધણીનું ગીચ વસતી ધરાવતું નગર છે. સંખ્યાબંધ શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલો આવેલી હોઈ -તિદિન વાહનોની અવર જવર વધતી જાય છે. પરંતુ પાર્કિંગની સુવિધાના ટ્રાફિકના જાહેરનામા અભાવે ખાનગી વાહન ચાલકો સહિતના વાહનો મનફાવે ત્યાં પાર્ક કરી દેવાય છે.

ટ્રાફિક સમસ્યા, ગેરકાયદે વાહન પાર્કિંગ અને ખાનગી વાહનચાલકોની દાદાગીરીથી ત્રસ્ત બનેલી -જા માટે તત્કાલીન જિલ્લા કલેકટર બી.જે.ભટ્ટ દ્વારા બે જાહેરનામા -સિદ્ધ કરાયા હતા. જેમાં મોડાસા સહિત છ તાલુકા મથકોના બસ સ્ટેન્ડ એરિયાના ૫૦૦ મીટર વિસ્તારમાં ઉભા રખાતાં ખાનગી વાહનો, જીપો, ટેક્ષીઓ, -ાઈવેટ લકઝરી બસો ઉપર -તિબંધ ફરમાવાયો હતો. છતાં આજે મોડાસા એસટી ડેપોને અડીને ઉભા રહેતા ખાનગી વાહનો પોલીસ અને ડેપોના અધિકારીઓની હાજરીમાં ચિક્કાર ભરાય છે. કેટલીકવાર તો આવા વાહનો ડેપોની અંદર પણ બેરોકટોક ઘૂસે છે.

છતાં ગેરકાયદે પાર્કિંગ થતી અને મુસાફરો ભરતી જીપોના ચાલકો સામે તંત્ર કોઈ કાર્યવાહી કરતું ન હોઈ ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. પરિણામે ઘણીવાર ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ પણ અટવાઈ જાય છે. જિલ્લા મેજીસ્ટ્રેટના બીજા એક જાહેરનામા મુજબ એસટી સ્ટેન્ડથી કલેકટર કચેરી સુધીના રોડ ઉપર નો પાર્કિંગ ઝોન જાહેર કરાયો છે. પરંતુ ટ્રાફિક પોલીસ કે લીઓ પોલીસચોકીના કર્મીઓની આંખ આડા કાન કરવાની નીતિના કારણે આ રોડ ઉપર ઠેર ઠેર વાહન પાર્કિંગ થતાં ટ્રાફિકજામના દ્રશ્યો વારંવાર સર્જાય છે. જેનો ભોગ અન્ય વાહન ચાલકો અને -જાજનો બની રહ્યા છે.



## બનાસકાંઠા કલેક્ટરના પ્રયાસોથી અંબાજીમાં

# ભિક્ષાવૃત્તિ કરતા બાળકો માટે વિશેષ શાળાની સગવડ

પાલનપુર, તા. ૯

-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેકટરશ્રી દિલીપ રાણાના એક -રણાદાયી અભિગમની ચોમેર -શંસા થઈ રહી છે. -સ્તુત છે સુંદર સ્ટોરીની વિગત.... અંબાજીથી ત્રણેક કિ.મી.ના અંતરે ગબ્બર પર્વત આવેલ છે. આ પર્વત ઉપર માતાજીનું મૂળ સ્થાનક હોવાની માન્યતા છે. અહીં પણ વિશાળ સંખ્યામાં માઈભક્તો માતાજીના દર્શને આવે છે. ગબ્બર ખાતે ભરથરી કોમના લોકો રહે છે. જેમાંથી ઘણા ભિક્ષાવૃત્તિ કરતા હોય છે. પરિવારના મોટા માણસો ભીખ માંગતા હોય એટલે બાળકો સ્વાભાવીક રીતે અને નાનપણથી જ ભિક્ષાવૃત્તિ સ્વીકારી લેતાં હોય છે અને એવું જ કરતા હોય છે.

ગબ્બર મુકામે બાળકોને ભીખ માંગતા જોઈને યુવાન કલેકટરશ્રી દિલીપ રાણાએ આ બાબતને ગંભીરતાથી લીધી. તેઓએ વિચાર્યુ આ બાળકો ભિક્ષાવૃત્તિ જ કર્યા કરશે તો તેમના જીવન અને ભવિષ્યેનું શું.....? કલેકટરશ્રી રાણાએ નક્કી કર્યુ કે આ બાળકોને ભણાવવાં જ છે. તે ભણશે એટલે મુશ્કેલીઓનું આપોઆપ નિરાકરણ આવી જશે. બાળકો ગબ્બરથી અંબાજી સુધી શાળાએ કેવી રીતે જાય. એટલે ગબ્બર ખાતે દેવસ્થાન ટ્રસ્ટના મકાનમાં જ સ્પેશયલ સ્કુલ જેવી વ્યવસ્થા કરવામાં આવી છે. કલેકટરશ્રી અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધિકારીઓએ આ બાળકોનાં મા, બાપને મળીને સમજાવ્યાં કે તમારે બાળકોને ભણાવવાનાં છે. ભણવાથી જ સુખશાંતિભર્યુ જીવન મળે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કલેકટરશ્રીએ વાલીઓને કહ્યું, તમે કોઈ ચિંતા ના કરો તમારા બાળકોને ભણવા માટે બધી વ્યવસ્થા કરી આપીશું. બાળકોના વાલીઓ તૈયાર થયાં. એટલે ગબ્બર ખાતે છએક માસ પહેલાં સ્પેશયલ સ્કુલની વ્યવસ્થાનો -રંભ થયો.

ગબ્બર મુકામે અંબાજી દવસ્થાન ટ્રસ્ટના મકાનમાં આ બાળકો ભણે છે. ૫૧ શક્તિપીઠોના પુજારીઓ આ બાળકોને -ાથમિક કક્ષાનું પાયાનું જ્ઞાન આપે છે. સવારે ૭.૩૦ વાગે ૫૦ જેટલાં બાળકો સ્નાન કરીને હાથમાં દફતર લઈ ભણવા આવે છે. બાળકોને ગણવેશ, પુસ્તકો, દફતર, બે ટાઈમ નાસ્તો કલેકટરશ્રીના -યાસોથી દાતાઓના સહયોગથી આપવામાં આવે છે. સારો પૌષ્ટિસક નાસ્તોસ મળવાથી બાળકોની તંદુરસ્તીમાં પણ નોંધપાત્ર -ગતિ જોવા મળે છે.

ગબ્બર ખાતેની આ સ્પેશયલ સ્કુલ ભિક્ષાવૃત્તિ કરતાં બાળક માટે વિધામંદિર બની છે. બાળકોને અહીં બધી જ સગવડ મળે છે. શકિતપીઠોના પુજારીઓ બાળકોને ભણાવવા સારી મહેનત કરે છે. ઘણાં બાળકો સરળતાથી લખીવાંચી શકે છે. આ -રણાદાયી અભિગમ ઘણા પરિવારોના જીવનમાં સુખશાંતિ અને સમૃધ્ધિ લાવશે.

# પાલનપુરના ઢુંઢીયાવાડીમાં ૧૦ દુકાનના તાળા તુટતા ચકચાર

## સ્ટ્રીટલાઈટના અભાવે અંધકારના ઓળા વચ્ચે ખુદ પોલીસ પણ અસલામતી અનુભવતી હોવાની રાવ

પાલનપુર, તા. ૯

પાલનપુર શહેર પોલીસને પડકાર ફેંકતા તસ્કરોએ શહેરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં દશેક દુકાનોનાં તાળાં તોડતા ચકચાર મચી જવા પામી હતી. જોકે ખુદ પોલીસ પણ અંધકારના ઓળા તળે પેટ્રોલીંગ કરતા અસલામતી અનુભવતી હોઈ વેપારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર શહેરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં જી.આઈ.ડી.સી. આવેલી છે. જ્યાં ગતરાત્રે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. તસ્કરોએ નાસ્તા, કરીયાણા અને સેનેટરીવેર્સ સહીત હીરાની ઓફીસ મળી કુલ દશેક દુકાનના તાળાં તોડ્યા હતા. જેને પગલે વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જે ચોરીની ઘટનામાં પ્રાથમિક અનુમાનમાં અંદાજે ૨૦-૨૫ હજારની ચોરી થઈ હોવાનું વેપારી ધનરાજભાઈ દલુભાઈ બોકાએ જણાવ્યું હતું.

દરમિયાન, વેપારી પંકજભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઢુંઢીયાવાડી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં છાશવારે ચોરીઓ થાય છે. ત્યારે વેપારીઓએ પોલીસને રજુઆત કરી હતી. પરંતુ પોલીસે પણ અહીં રાત્રે સ્ટ્રીટલાઈટ ન હોઈ પોતે અસલામતી અનુભવતી હોવાનો એકરાર કર્યો હતો. જેને પગલે ખઉદ વેપારીઓએ પણ અવઢવમાં મુકાઈ ગયા હતા. ત્યારે આ વિસ્તારના જાગૃત રહીશ અને કોંગી અગ્રણીઓએ પાલિકા પ્રમુખને ફોન કરી તાકીદે સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા કરવાનો અનુરોધ કર્યો હતો.

# પાલનપુરમાં ભરબપોરે પાંચ લાખની લૂંટ

પાલનપુર, તા.૯

પાલનપુર શહેરમાં કાયદો અને વ્યવથાની પરિસ્થિતિ દિનપ્રતિદિન કથળતી જાય છે. ચોરી ચકારીની ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. ત્યારે આજે ભરબપોરે શહેરના રેલવે ઓવરબ્રીજ પર રૂ. પાંચ લાખની લૂંટ થતા સનસનાટી મચી જવા પામી હતી.

પાલનપુર તાલુકાના સુરજપુરા ગામમાં રહેતા વેપારી નરેશભાઈ મોતીભાઈ પટેલ કેલ્સાઈટનો વ્યવસાય કરે છે. જેઓ આજે પાલનપુરની બેંક ઓફ બરોડામાંથી રૂ. પાંચ લાખની રકમ ઉપાડી બેગમાં મુકી બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે રેલવે ઓવરબ્રીજ પર પાછળથી આવેલા અજાણ્યા બે બાઈક સવારો વેપારી પાસે રહેલી બેગ તફડાવી રૂ. પાંચ લાખની રકમ લૂંટી લઈ પળવારમાં પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી હતી.

ઘટનાની જાણ થતા પાલનપુર ડીવાયએસપી પરમાર, શહેર પી.આઈ. અને એસ.ઓ.જી. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. જેઓએ ઘટના સ્થળ પર આવેલા શો રૂમના સી.સી. ટીવી ફૂટેજ ચકાસી લુંટારુઓની કડી મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જો કે ભરચક વિસ્તારમાં ધોળે દહાડે લુંટ થતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડયા હતા.



મોડાસાની માલપુર રોડ પર આવેલી રત્નદીપ, કલ્યાણ ઋષિકેશ, કાર્તિકેય, નિજદામ જેવી અનેક સોસાયટીઓમાં છેલ્લા કેટલાય વર્ષોથી ઓછા વોલ્ટેજની સમસ્યાનો માથાનો દુઃખાવો બની ગઈ હતી. વારંવાર સોસાયટીમાં વધઘટ થતા વોલ્ટેજથી સોસાયટીના રહેણાંક વિસ્તારમાં રહેલા વિજ ઉપકરણો કેટલીય વાર બળીને ખાખ બની ગયાની ઘટનાઓ બનતાં સોસાયટી નગરના રહીશો તોબા પોકારી ઉઠ્યા હતા. આ સમસ્યાથી રત્નદિપ સોસાયટીના રહીશોએ યુજીવીસીએલના કાર્યપાલક ઈજનેર સિંહલ અને ડેપ્યુટી ઈજનેર અસારી સહિતના અધિકારીઓનએ રજુઆત કરતાં વિજતંત્રના અધિકારીઓએ રત્નદિપ સોસાયટીમાં વિજ ડીપી નવીન ઉભી કરવામાં આવતાં આ સમસ્યાનો અંત આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સોસાયટી નગરના રહીશોની વિજ સમસ્યાને ગાંધીનગર સમાચારે સમાચાર પ્રસિદ્ધ કરી સોસાયટી રહીશોની તકલીફને વાચા આપતાં વિજતંત્ર સફળ જાગ્યુ હતુ અને કેતન ત્રિવેદી સહિતના આગેવાનોએ ગાંધીનગર સમાચારની કામગીરીની સરાહના કરી હતી. કેતન ત્રિવેદી (રત્નદીપ સોસાયટી) તેમજ કેતનભાઈ ત્રિવેદી તેમજ સોસાયટીનગરના અન્ય રહીશોએ મીઠાઈ વહેચી ખુશી વ્યક્ત કરી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસા સાર્વજનિક હોસ્પિટલના ૮૦ કર્મચારીઓ ૫ માસથી પગાર વિહોણા

મોડાસા, તા. ૯

મોડાસા શહેરમાં આવેલી ડૉ. રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલના ૮૦ જેટલા કર્મચારીઓનો છેલ્લા પાંચ માસથી પગાર ન થતાં જીવનનિર્વાહ ચલાવવાનાં ફાંફા પડી ગયા છે. પાંચ માસથી પગારથી વંચિત રહેનારા નાના કર્મચારીઓની હાલત કફોડી બની ગઈ છે.

મોડાસા શહેરની સાર્વજનિક હોસ્પિટલ આરોગ્યલક્ષી સેવામાં અને ગરીબ વર્ગના દર્દીઓ માટે વર્ષોથી અગ્રેસર રહી છે. સરકારી ગ્રાન્ટથી ચાલતી આ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય સમયથી ગ્રાન્ટ અનિયમિત આવતાં હોસ્પિટલના ટ્રસ્ટીઓ માટે કર્મચારીઓનો પગાર માથાના દુખાવા સમાન બની ગયો છે. અને કર્મચારીઓનો સમયસર પગાર આપી શકતા નથી. પરિણામે વારંવાર પગાર ચઢી જવાને કારણે કર્મચારીઓને ન છુટકે હળતાળનો માર્ગ અપનાવવો પડે છે. મોડાસા સાર્વજનિક હોસ્પિટલના ૮૦ જેટલા કર્મચારીઓનો આ વખતે પણ પાંચ માસથી પગાર બાકી હોવાથી કર્મચારીઓને પોતાના પરિવારનું ભરણપોષણ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓનો પાંચ મહિનાનો પગારની રકમ ૧ કરોડથી પણ વધુ આંબી ગઈ હોવાથી ટ્રસ્ટીઓ પણ ગોથે ચડ્યા છે.

સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓનો પગાર પાંચ મહિનાથી ન થતાં અનેક કર્મચારીઓએ જીવનનિર્વાહ ચલાવવા ઉછીના તેમજ વ્યાજે રૂપિયા લેવા પડી રહ્યા છે. જ્યારે પગારના ભરોસે લોન લેનાર કર્મચારીઓને તો બેંકલોનના હપ્તા પણ પાંચ મહિનાથી લોનના હપ્તા પણ ચઢી ગયા છે. અને નાહકનું વધારાનું વ્યાજ અને દંડની રકમ પણ ભરપાઈ કરવાની હોવાથી 'એક સાંધે ત્યાં તેર તુટે' જેવી હાલત થઈ છે. આ અંગે એક કર્મચારીએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ માસથી પગાર બાકી છે. પરંતુ પગાર ન થતાં મુશ્કેલી પેદા થઈ છે. સમયસર પગાર ન થવાને કેટલીયવાર હડતાળ પાડવી પડી છે. આ વખતે પણ પાંચ મહિનાથી પગાર ન થતાં કર્મચારીઓ હડતાળ પર ઉતરવાની તૈયારી કરી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા આરોગ્યના મોટા મોટા દાવાઓ કરાઈ રહ્યા છે. ત્યારે ગરીબવર્ગ અને જરૂરીયાતમંદ લોકોની સેવા કરતી સાર્વજનિક હોસ્પિટલમાં ગ્રાન્ટ પણ સમયસર ન ફળવાતાં આરોગ્ય વિભાગ પર અનેક પ્રશ્નો ઉપસ્થિત થતાં હોય છે. જો કર્મચારીઓ હડતાળ પર ઉતરશે તો જિલ્લાના ગરીબ દર્દીઓની આરોગ્યલક્ષી સેવાઓ ખોરવાઈ જવાનો ભય સેવાઈ રહ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી


એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦